## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આમ તો મારા સાસુને સ્વધામ જવાનો સમય છે પરંતુ અત્યારે તો ચારધામ ગયા છે..!!

# પોલીસે સોનાની ૨૦ વીંટી પાછી આપવી પડી..!

ગાંધીનગર, તા.૩ ગાંધીનગરના જિલ્લામાં એક પોલીસ મથકમાં વાહન ચેકીંગની કામગીરી દરમિયાન વેપારીના કર્મચારી પાસેથી બિલ વિનાની સોનાની ડાયમંડવાળી અંદાજીત ૨૦ થી વધુ વીંટીઓ મળી આવી હતી. જેથી પોલીસ દ્વારા તે વ્યક્તિની પુછપરછ કરવામાં આવતા બિલ તેની પાસે ન હોવાથી બિલ વિનાનો વીંટીનો જથ્થો હોવાનું જણાયું હતું. સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ત્યારબાદ પોલીસે કર્મચારીને વધુ પુછપરછ કરતા તે ગભરાઈ ગયો હતો. પોલીસે કર્મચારીને કેસ કરવાની ધમકી આપતા મામલો રફેદફે કરવા કર્મચારીએ વાત કરી હતી. પોલીસે કડક ભાષામાં પુછપરછ કરતા કર્મચારી ગભરાઈ ગયો હતો. જેથી પોલીસ પરિસ્થિતિ જાણી ગઈ હોવાથી વેપારીના કર્મચારી પાસે રહેલી સોનાની વીંટી જેની એક નંગની કિંમત અંદાજીત ૮૦ હજારથી વધુની હતી, તેવી ૨૦ થી વધુ વીંટી પડાવી લઈને કર્મચારીને જવા દીધો હતો. જેથી ગભરાઈ ગયેલ વેપારી કેસના થાય તેવા ડરથી જતો રહ્યો હતો. ત્યારબાદ કર્મચારીએ જઈને તેના શેઠને વાત કરતા તેઓએ નજીકના મિત્રોને વાત કરતા ઉચ્ચ અધિકારીઓ સુધી વાત પહોંચી હતી. ત્યારે રાજયના પાટનગરના એક પોલીસ મથકમાં આ પ્રકારનો બનવા બન્યો તે ગંભીર બાબત છે. ઉચ્ચ અધિકારીઓએ પણ ગંભીર નોંધ લઈ જે તે પોલીસ મથકના પીઆઈને બનાવની જાણ કરતા સમગ્ર વાતથી અજાણ પીઆઈએ પણ પોલીસ કર્મચારીઓને બોલાવી ખખડાવ્યા હતા.જયારે સરકારી રાહે તેમની સામે કાર્યવાહી પણ કરી હતી. પોલીસે પડાવી લીધેલી વીંટીઓ પણ પરત કરી હતી. પોલીસ સમાજની સુરક્ષા અને સલામતી માટે છે.ત્યારે રક્ષક જ ભક્ષક બની જાય તો પ્રજાનું શું થશે તેવો પ્રશ્ન ગાંધીનગરની જનતા પુંછી રહી છે. પોલીસની ખરડાયેલી છબી સુધારવા માટે અધિકારીઓ રાત દિવસ મહેનત કરી રહ્યા હોય છે.ત્યારે કેટલાક પોલીસ કર્મચારીઓને લીધે અધિકારીઓને પણ શરમમાં મુકાવું પડે છે.

# ઝુંડાલ સત્વ એન્ડ સાકાર બાંધકામ સાઈટ પરથી ૨૫૦ પતરા ચોરાયા

ગાંધીનગર,તા.૩ ગાંધીનગર ઝુંડાલ સત્વ એન્ડ સાકાર પ્રોજેક્ટની બાંધકામ સાઈટ પરથી રાત્રીના સમયે કોઈ અજાણ્યા શખ્સે રૂ.૧.૮૦ લાખના ૨૫૦ પતરા ચોરી જતા અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

અમદાવાદ થલતેજ રાધે એપાર્ટમેન્ટ ખાતે રહેતા સંજય વિજયભાઈ પટેલ પરિવાર સાથે રહે છે.

તેઓ સત્વ એન્ડ સાકાર પ્રોજેક્ટ ઝુંડાલ હિલ્લોક હોટલની પાછળના ભાગે એફ.પી. નં.૯૬-૧ ની ૬ હજારવાર જગ્યામાં ફલેટનું બાંધકામ શરુ કરવાનું હોવાથી કન્ટેનર ઓફિસ બનાવી છે. ત્યાં સંજયભાઈ છેલ્લા બે માસથી એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવે છે.

બાંધકામની જગ્યા ખુલ્લી હોવાથી કંમ્પાઉન્ડની ચોતરફ લોખંડના પતરા ઉભા કરી દિવાલ બનાવી હતી. જેમાં ૩૫૦ જેટલા પતરા ફીટ કરવામાં આવ્યા હતા. થોડા સમય અગાઉ આવેલા બિપોરજોય વાવાઝોડામાં પતરાની દિવાલ પડી ગઈ હતી. જેમાંથી ૨૫૦ નંગ પતરા થપ્પી મારી ખુલ્લા પ્લોટમાં મુક્યા હતા.

ગત તા.૩૧ જુલાઈના રોજ સંજયભાઈ પટેલ પ્રોજેક્ટ ઓફિસથી નોકરી પુરી કરીને રાત્રે આઠ વાગે ઘરે ગયા હતા. જયારે બીજા દિવસે સવારે નોકરી પર આવ્યા હતા. તે સમયે સાઈટના બીજા પ્લોટમાં રહેતા ચોકીદારે તેઓને જણાવ્યું કે જે ૨૫૦ નંગ પતરાની ગોઠવીને મુક્યા હતા. તે પતરા રાત્રીના આઠ વાગે ચોકીદારે જોયા હતા. પરંતુ બીજા દિવસે સવારે સાડા છ વાગે ઉઠીને જોયુ તો પતરા ગાયબ હતા. પતરા ચોરીની જાણ સંજયભાઈ ચૌધરી ઓફિસ આવતા જાણ કરી હતી.

ત્યારબાદ અન્ય સાઈટ પર પતરા લઈ ગયા છે કે કેમ તેની પણ માહિતી મેળવી હતી.પરંતુ ઝુંડાલ સાઈટ પરથી પતરા અન્ય સાઈટ પર લઈ જવાયા નથી. જેથી રાત્રીના સમયે સત્વ એન્ડ સાકાર પ્રોજેક્ટની સાઈટ પરથી ૨૫૦ પતરા અજાણ્યો શખ્સ ચોરી કરી પલાયન થઈ ગયો છે. પતરાની લંબાઈ ૧૨ ફુટ તેમજ પહોળાઈ ૩ ફુટ હતી. જયારે વાદળી કલરના અંદાજીત રૂ.૧.૮૦ લાખના ૨૫૦ પતરાની ચોરી કરનાર અજાણ્યા શખ્સ સામે અડાલજ પોલીસ મથકે ચોરીની ફરીયાદ નોંધાવી છે.

# સંત સરોવર પાસેથી સાદરાના યુવકનો મૃતદેહ મળ્યો



ગાંધીનગર,તા.૩ ગાંધીનગરના સાદરા પાસેથી પસાર થતી સાબરમતિ નદીમાં ત્રણ દિવસ પહેલા વહેલી સવારે ગામનો શ્રમજીવી યુવક નદીના ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ફાયર ટીમ દ્વારા સતત બાસણ તેમજ પાલજ સુધી યુવકને શોધવા માટેની કામગીરી ચાલી રહી હતી. ત્યારે શહેરને અડીને આવેલા સંત સરોવર પાસેથી યુવકનો મૃતદેહ તરતો મળી આવ્યો હતો. ફાયર ટીમના જવાનો એ મૃતદેહ બહાર નીકાળી ચિલોડા પોલીસને જાણ કરતા આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંધીનગરના સાદરા ગામના ૩૩ વર્ષિય દિનેશ ઠાકોર સાબરમતિ નદીના ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. છેલ્લા ત્રણ દિવસથી સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી સહિતની ટીમ યુવકની શોધખોળ કરી હતી. તે સમયે ફાયર વિભાગને જાણ થઈ હતી કે મૃતદેહ તણાઈ આગળ જતો રહેતા પાલજ બાસણ સુધી ફાયર જવાનોએ સર્ચ ઓપરેશન કર્યું હતું. ત્યારે ગતરોજ બુધવારના રોજ સાંજના પાંચ થી આઠ વાગ્યા સુધી શોધખોળ કરી હતી.ત્યારે આજે સંત સરોવર સુધી મૃતદેહ તણાઈને આવી ગયો હતો. જેથી ફાયર ટીમના જવાનોએ સંત સરોવરમાંથી સાદરાના યુવકનો મૃતદેહ બહાર નીકાળી પોલીસને જાણ કરતા આગળની તપાસ હાથ ધરી હતી.

# રાયસણ પાલતુ શ્વાને મહિલાને બચકું ભરતા માલિક સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૩ ગાંધીનગરના રાયસણ વિસ્તારમાં સવારે મોનીંગ વોક માટે દંપતિ નીકળ્યું હતું. ત્યારે ચાલતા-ચાલતા દંપતિ એક સોસાયટી પાસે થી પસાર થઈ રહ્યું હતું. તે સમયે સોસાયટી નજીક બેલ્ટ કે મોંઢા પર જાળી બાંધ્યા વિનાના પાલતુ શ્વાને અચાનક મહિલાને થાપાના ભાગે બચકું ભરી લેતા હોહા મચી ગઈ હતી. ત્યારે ઈન્ફોસીટી પોલીસ મથકે મહિલાએ શ્વાન માલિક સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે.

તમારી પાસે પણ પાલતુ શ્વાન હોય તો તેને બેલ્ટ કે સાંકળ બાંધ્યા વિના ફેરવવા ન નીકળતા.. નહી તો શ્વાન કોઈને બચકુ ભરશે તો તમારી સામે પણ પોલીસ કેસ થઈ શકે છે. અત્યારે હાલના સમયે શ્વાન રાખવો એ શોખ અને સ્ટેટસ બની ગયું છે. શહેરમાં અને ન્યું ગાંધીનગરના મોટા બંગ્લોઝ કે સોસાયટીમાં પણ વિવિધ પ્રજાતિના શ્વાન જોવા મળે છે. શ્વાનની પાછળ માલિક મહિને હજ્જારો રૂપીયા ખર્ચ પણ કરે છે. પરંતુ પોતાના પાલતુ શ્વાન દ્વારા અન્ય નાગરીકને નુકશાન ન પહોંચે તેની તકેદારી પણ રાખવી જોઈએ. જાહેર જગ્યામાં નાગરીકોની શારીરીક સલામતી અને જીંદગીને ઝોખમ હોવાનું જાણવા છતા કેટલાક નાગરીકો પોતાના શ્વાનને ગળામાં બેલ્ટ કે સાંકળ બાંધતા નથી અને છુટ્ટો ફેરવે છે. ત્યારે શ્વાન થી ડરતા કેટલાક નાગરીકો અંતર રાખી દુરથી જતા રહે છે.

રાયસણ ઉર્જાનગર-વિભાગ-૧ માં રહેતું દંપતિ સવારના સાડા સાત વાગે મોનીંગ વોક માટે નીકળ્યા હતા. આઠ વાગ્યાના અરસામાં ચાલતા ચાલતા જાહ્નવી પાર્ટી પ્લોટ પ્રમુખ પાર્ક સોસાયટી પાસે આવી પહોંચ્યા હતા. તે સમયે આશરે ૩૫ વર્ષના બહેન તેમના પાલતુ શ્વાન સાથે મોનીંગ વોક માટે નીકળ્યા હતા. તે સમયે શ્વાનના મોંઢા પર જાળી બાંધી ન હતી અને બેલ્ટ પણ પકડ્યો ન હતો.

તે બહેન સાથે કુતરુ છુટુ આવતુ હતું. તે સમયે અચાનક પાલતુ શ્વાને મહિલાને બચકુ ભરી લેતા હોહા મચી ગઈ હતી. ત્યારે શ્વાન માલિક બહેને બચાવવાનો પ્રયત્ન પણ કર્યો ન હતો.

જયારે મહિલાનો તાત્કાલીક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવ અંગે મહિલાએ શ્વાન માલિક બહેન સામે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# સરગાસણ બ્રિજ નીચે પાર્ક કરેલા સ્પ્લેન્ડર બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૩ ગાંધીનગરના સરગાસણ બ્રિજ નીચે પાર્ક કરેલા સ્પ્લેન્ડર બાઈકની ચોરી થવા પામી છે. યુવકે રૂ.૨૦ હજારના બાઈક ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

વાવોલ કુબેરનગર ખાતે રહેતા વિજયજી સુરેશજી ઠાકોર મહાનગર પાલિકામાં એમએલબી તરીકે ફરજ બજાવે છે. વિજય ઠાકોર જી.જે.૧૮.ડી.સી.-૨૩૬૫ બાઈકનો ઉપયોગ નોકરી પર આવન જાવન માટે કરતો હતો. પોતાના કર્મચારી મિત્રો સાથે સરગાસણની સોસાયટીમાં મેલેરીયા ફેલાવતા મચ્છરોનો નાશ કરવા માટે દવાનો છંટકાવ કરવા મિત્રની રીક્ષામાં ગયા હતા. જયારે સવારે ૯ વાગે બાઈક સરગાસણ બ્રિજ નીચે પાર્ક કર્યું હતું. દવા છાંટવાની કામગીરી પુરી કર્યા બાદ યુવક બ્રિજ નીચે પાર્ક કરેલી જગ્યા પર લેવા જતા ન હતું. સિઝર બાઈક લઈ ગયો હશે તેમ સમજી ફાયનાન્સ કંપનીમાં તપાસ કરી હતી. પંરતુ બાઈક સીઝ કર્યું નથી. ત્યારપછી પોતાની રીતે સેકટરોમાં તેમજ અન્ય જગ્યાએ તપાસ કરી હતી પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. જેથી યુવકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

# લાયન્સ ક્લબ અને બેંક ઓફ બરોડા ગિફ્ટ સિટી દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો




ગાંધીનગર, તા. ૩ લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર અને બેંક ઓફ બરોડા ગિફ્ટ સિટી દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ તબક્કે ડિસ્ટ્રિક્ટ 3232 B3 ના સન્માનીય ડીસ્ટ્રીક ગવર્નર લાયન સુનિલ ગુગલીયાજી અને બેંક ઓફ બરોડાના જનરલ મેનેજર અનુજ ભાર્ગવજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી.આ પ્રસંગે ડિસ્ટ્રિક્ટના પદ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૮૫ જેટલી નોંધનીય બ્લડ બોટલ લાયન્સ બ્લડ બેંક ઓંગણજના સહયોગથી એકત્ર કરવામાં આવેલી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગરના પ્રમુખ લિયો લાયન વિવેકસિંહ ચૌહાણ તથા બેંક ઓફ બરોડા ગિફ્ટ સિટીના પ્રતિનિધિ અને લાયન્સ ક્લબના સભ્ય લાયન યોગેશ જૈન દ્વારા ભારે જહેમત ઉઠાવેલી હતી.આ પ્રસંગે લાયન્સ લાયેનસ અને લિઓના પ્રમુખશ્રીઓ અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# સેકટર-૨૦ છાપરામાંથી ત્રણ જુગારી ઝડપાયા

ગાંધીનગર,તા.૩ શહેરના સેકટર-૨૧ પોલીસ મથકની ટીમના જવાનો પેટ્રોલીંગમાં હતા.તે સમય દરમિયાન તેઓને બાતમી મળી હતી કે સેકટર-૨૦ ચર્ચના છાપરા નજીક ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે.

જેથી પોલીસે દરોડો પાડી જુગાર રમી રહેલા બોરીજ જૈન દેરાસરવાળા પરામાં રહેતા મહિપત મફાભાઈ કુંઢીયા, સેકટર-૮ સર્મપણ કોલેજ પાસે છાપરામાં રહેતા સંજય ભરત દંતાણી, મીના બજાર સે-૧૦ છાપરામાં રહેતા યોગેશ દિલિપભાઈ દંતાણીનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી કુલ રૂ.૨ હજારનો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સરગાસણની પ્રખ્યાત ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં આજે વેસ્ટ માંથી બેસ્ટ સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર, તા. ૩ સરગાસણ ની પ્રખ્યાત ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલ માં આજે " વેસ્ટ માંથી બેસ્ટ " સ્પર્ધા યોજાયેલ. જેમાં બાળકો અને માતા એ એક સાથે ભાગ લઈને બાળપણ ના સંસ્મરણો તાજા કર્યા હતા. એમાં ૩૧ માતાઓ એ ભાગ લીધો હતો જેમાં ચંદ્રયાન, સેવ ટ્રી, ગો ગ્રીન જેવી ક્રિએટિવ થીમ ઉપર માતાઓએ અવનવી વસ્તુઓ બનાવી હતી. જેમાં વિજેતામાં નીચે પ્રમાણે નવજ્યા હતા.

### અટલ ભુજલ યોજના અન્વયે

# ચિલોડા અને શિહોલીમોટી ખાતે પાણી બચાવો અંતર્ગત તાલીમ

ગાંધીનગર,તા.૦૩ આજે તા.૨ ઓગસ્ટનારોજ સવારે ૧૦ વાગે ચિલોડા ક્લિનિક ખાતે અટલ ભુજલ યોજના અન્વયે પાણી બચાવો વિશે વિષય નિષ્ણાત ટ્રેનર જગદીશ વાઘેલા ફાલ્ગુની બેન મનીષા ઠાકર સહિત સરપંચ શ્રી જૈમિન પટેલ ગ્રામપંચાયત સભ્યો જાગૃત ૫૦ ખેડુતો ગ્રામ આગેવાનો તથા પીએલવી નટુભાઈ પટેલ વગેરે હાજર રહી સહયોગી બની પાણીબચાવવા અને સંગ્રહ ખેતીમાં ટપક પદ્ધતિ નો અમલ રીચાર્જ બોર બનાવવા જળ એજ જીવન અંગે ટ્રેનરે વિસ્તુત માર્ગદર્શન આપવામાં આવ્યું



## દલિત અધિકાર સંઘે કેતનભાઈ પટેલને અભિનંદન પાઠવ્યાં

ગાંધીનગર, તા. ૩ ગાંધીનગર અને આજુબાજુના જિલ્લાઓના પ્રશ્નોની વાચા આપતા સમાચારો છેલ્લા સાડત્રીસ વર્ષથી પ્રસિદ્ધ થતા હતા, તેવા ગાંધીનગર શહેર સાથે જોડાયેલુ દૈનિક ''ગાંધીનગર સમાચાર''નું સંચાલન અને વહીવટની શરૂઆત માટે શ્રી કેતનભાઈ પટેલને ગાંધીનગર શહેર, જિલ્લામાં સેવારત ''દલિત અધિકાર સંઘ'' ગુજરાત વતી શહેર પ્રમુખ ચંદ્રવદન પરમાર, જિલ્લા પ્રમુખ કાન્તિભાઈ પરમાર, પ્રદેશ મહામંત્રી વી.એલ. જાદવ અને પ્રદેશ ઉપપ્રમુખ પી.બી. શ્રીમાળીએ શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવ્યાં હતા.

# સે. ૨૩ના કડી કેમ્પસ ખાતે ''કલા ઉત્સવ-૨૦૨૩'' અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૩ 'G-20 વસુધૈવ કુટુંબકમ્ One Earth One Familly, One Future'' થીમ પર આયોજિત 'કલા ઉત્સવ-૨૦૨૩' અંતર્ગત QDC કક્ષાની અને QDC-2 માં સામેલ શાળાઓની વિવિધ સ્પર્ધાઓ તા. ૨૮-૭-૨૦૨૩ને શુક્રવારના રોજ શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.વી. પટેલ કન્યા ઉ.મા. શાળા, સેક્ટર-૨૩ ખાતે આયોજિત કરવામાં આવી હતી. માધ્યમિક અને ઉ.મા. વિભાગોમાં ચિત્ર, ગાયન, વાદન અને બાળકવિની સ્પર્ધાઓમાં માધ્યમિક અને ઉ.મા. વિભાગોમાં ૮ શાળાઓના ૪૯ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ તેમનામાં રહેલ સર્જનાત્મક શક્તિઓને ઉજાગર કરી હતી.

'કલા ઉત્સવ-૨૦૨૩' અંતર્ગત આયોજિત આ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકે વિજેતા બનેલ સ્પર્ધકોને અનુક્રમે ૩૦૦, ૨૦૦ અને ૧૦૦ રૂપિયાના રોકડ પુરસ્કારો એનાયત કરી સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. QDC-2 ના કન્વીનર ગીતેષભાઈ એ. પટેલે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનારા તથા ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિજેતા બનેલ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા. સાથે સાથે SVS કક્ષાએ આયોજિત થનાર સ્પર્ધાઓમાં પણ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવાની પ્રેરણા અને માર્ગદર્શન પુરા પાડ્યા હતા. QDC કક્ષાએ કલા ઉત્સવ અંતર્ગત આયોજિત વિવિધ સ્પર્ધાઓનું સંચાલન કલા ઉત્સવના કન્વીનર જશુભાઈ એચ. સુતરિયા તથા મયંકભાઈ પટેલ, નારણભાઈ બારોટ અને અનિલભાઈ રાવલે કર્યુ હતુ. સેવા આપનાર QDC-2 કક્ષાએ વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમાંકે રહેલ સ્પર્ધકો આગામી સમયમાં SVS કક્ષાએ આયોજિત સ્પર્ધાઓમાં સહભાગી બનશે.

### કલાઉત્સવ-૨૦૨૩માં QDC કક્ષાએ વિજેતા સ્પર્ધકો

માધ્યમિક વિભાગ

ચિત્ર સ્પર્ધામાં રાણા રીયાબા ધર્મેન્દ્રસિંહ ધો. ૯-ઈ, શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળા, સેક્ટર-૨૩.

બાળ કવિ સ્પર્ધામાં રાવળ સ્નેહલ જશુભાઈ ધોરણ-૧૦, આરાધના વિદ્યાવિહાર, સે. ૨૮, ગાંધીનગર.

સંગીત ગાયન સ્પર્ધામાં પટેલ સીયા તુલસીભાઈ - ૯-એ, આર.સી. પટેલ સ્કૂલ, સેક. ૨૮, ગાંધીનગર.

સંગીતવાદન સ્પર્ધામાં ઠાકોર યુવરાજ કરસનજી - ધો. ૧૦ - આરાધના વિદ્યાલય, સે. ૨૮, ગાંધીનગર

ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ

ચિત્ર સ્પર્ધામાં શ્રીમાળી તૃષ્ણા ડી. - ધો. ૧૨-બી - બા.શ્રી વસંતકુંવરબા વિદ્યાલય, સે. ૨૮

બાળકવિ સ્પર્ધામાં જાદવ સ્વાતિ અંરસિંગભાઈ - ધો. ૧૧-ડી - શેઠ સી.એમ. હાઈસ્કૂલ, સે. ૨૩, ગાંધીનગર

સંગીત ગાયન સ્પર્ધામાં પટેલ દૃષ્ટિ એન. - ધો. ૧૨-એફ - શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળા, સે. ૨૩

સંગીત વાદન સ્પર્ધામાં - વાઘેલા જય રાજુભાઈ - ધો. ૧૨ - મહાત્મા ગાંધી વિદ્યાલય, સે. ૧૬, ગાંધીનગર.